સામયિક મૂલ્યાંકન કસોટી

| ધોરણ - 4 | અંગ્રેજી | માર્ચ, 2021 |
|---|---|---|
| સમય : 1 કલાક | | કુલ ગુણ : 25 |

અ.નિ. અંગ્રેજી કેપિટલ અને સ્મોલ લેટર્સની જોડીઓ બનાવે છે.

**Q.1** નીચેના કેપીટલ અને સ્મોલ લેટર્સનાં શબ્દોનાં જોડકાં જોડો. **(5)**

| A | B |
|---|---|
| 1. HAND | 1. circle |
| 2. BOAT | 2. jump |
| 3. SHOP | 3. boat |
| 4. CIRCLE | 4. hand |
| 5. JUMP | 5. shop |

અ.નિ. લૉનવર્ડ્ઝ સહિત આશરે 150 જેટલા શબ્દો જાણી અને તેનો ઉપયોગ કરે છે.

**Q. 2** નીચે આપેલ ખાલી જગ્યામાં યોગ્ય અક્ષર મૂકી શબ્દ પૂર્ણ કરો. **(5)**

1. yello__
2. thr__e
3. m__ther
4. si__ter
5. s__n



અ.નિ. wh (who, where, when, what, how many) પ્રશ્નોના જવાબ આપે છે.

**Q.3** નીચેના પ્રશ્નોનો એક શબ્દમાં જવાબ આપો. **(5)**

1. What is your name? _______________
2. Who is your father? ___________________
3. How old are you? _____________
4. Who is your English teacher? _____________
5. Who is your friend? _____________

અ.નિ. શબ્દોને અનુરૂપ ચિત્રો સાથે જોડે છે.

**Q.4** જોડકાં જોડો. **(5)**

| A | B |
|---|---|
| **1. triangle** |  |
| **2. banana** |  |
| **3. coconut tree** |  |
| **4. ball** |  |
| **5. kite** |  |

અ.નિ. સાદાં વાક્યોનું અનુલેખન કરે છે.

**Q.5** નીચેની કવિતા સુંદર અક્ષરે લખો. **(5)**

**Now little children tap tap tap !**

**Dance in a circle**

**Round and round**

**Then jump dear children**

**And sit on the ground.**

# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ:- ૪ | ગુજરાતી | તા.૧૨/૦૧/૨૦૨૨

સમય : ૧ કલાક | કુલ ગુણ: ૨૫

---

**પ્રશ્ન- ૧ આપેલ શબ્દોમાંથી જુદા- જુદા બે કે ત્રણ શબ્દોનો ઉપયોગ કરી પાંચ વાક્યો બનાવો.** (૫)

બા, સવાર, દૂધ, નદી, હેત, ખુશખુશાલ, ફૂલો, દરિયો, શાળા, વિનંતી, તડકો, પહાડ, ફૂણો,બખોલ, રંગબેરંગી, પક્ષી

ઉદાહરણ: **શબ્દો:** પક્ષી, વિનંતી

**વાક્ય:** સૌ પક્ષીઓને વિનંતી કે કાલે દાણા ચણવા મારા ઘરે આવજો.

પ્રશ્ન -૨ **આપેલ જવાબ માટે કૌંસમાં આપેલ કયો પ્રશ્ન પૂછશો તે લખો.** (૫)

**(કેવો, કેવી, કેવું, કેવા, કેવાં)**

**ઉદા. વાક્ય- દરિયામાં મોટા મોટા મોજા આવે છે.**

**પ્રશ્ન: દરિયામાં કેવાં મોજા આવે છે ?**

(૧) આ ફૂલ મજાનું છે.

(૨) કૂતરાભાઇ વફાદાર છે.

(૩) રાત ઠંડી અને સૂમસામ હતી.

(૪) આ કેળાં પાકાં છે.

(૫) હિમ જેવો ઠંડો વાયરો વાય છે.

પ્રશ્ન - 3 **ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખી વાક્યને પૂરું કરો.**

**(ગઈકાલે, આજે, આવતીકાલે)** (૫)

(૧) _____ અમે બજાર ગયા હતા.

(૨) _______ પ્રવાસ જઈશું.

(૩) ______ આપણી મેચ ચાલી રહી છે.

(૪) આજે નહિ પણ __________ ચોક્કસ આવીશ.

(૫) બા હજી ________ તો રીંગણાં ખાધાં હતાં , આજે ફરીથી?

**પ્રશ્ન - ૪ નીચેની પંક્તિઓ પાઠની જેમ લખો.** **(૫)**

**ઉદા. પંક્તિઃ ફૂલ પર બેસી પતંગિયા મધ લેતા ખોળી**

**વાક્યઃ ફૂલ પર મધ ન દેખાય પણ પતંગિયા  શોધી કાઢે છે.**

(૧) ઘુવડ પેલું ત્યાં બિચારું બખોલમાં જઈ સુએ.


(૨) પાટીમાં મેં દરિયો દોર્યો, દરિયા વચ્ચે ટાપુ દોર્યો.

(૩) ઓશીકાં ઉપર બે ઓઢાડી ધાબળા, ચૂપચાપ ભાઈ- બહેન ભાગતા જી રે..

(૪) ઊંચે તે આભથી લાવીને તારલા, ધરતીને ખોળે ખંખેરવા જી રે

(૫) સુંદર વનમાં વસતાં હરણાં, ઝરણાંના જળ પીતાં હરણાં

**પ્રશ્ન – ૫ ચિત્રનું પાંચ લીટીમાં વર્ણન કરો.** **(૫)**



શિક્ષક માટેઃ

| પ્રશ્ન નંબર | અ.નિ. ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | G412.1 | આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે. |
| 2 | G413.4 | સજીવ-નિર્જીવની જાતિ ઓળખાવે, લિંગ અનુસાર ક્રિયાપદ અને વિશેષણનો ઉપયોગ કરી વાક્ય રચે છે. |
| 3 | G413.7 | વર્તમાન, ભૂત અને ભવિષ્યસૂચક વાક્યો ઓળખાવે છે અને પરિસ્થિતિ મુજબ ઉપયોગ કરે છે. |
| 4 | G404 | કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે. |
| 5 | G412.2 | ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં કરે છે. |

## સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ ૪ | ગુજરાતી | તા.૨૫/૦૨/૨૨

સમયઃ ૧ કલાક | કુલ ગુણઃ ૨૫

---

**પ્રશ્ન-૧ નીચેનાં વાક્યોમાં શબ્દો આડાઅવળા થઈ ગયા છે એ સરખા ગોઠવી સાચાં વાક્યો બનાવો.** (૫)

ઉદા. - મજા આઈસ્ક્રીમ પડે ખાવાની

**ઉત્તરઃ** આઈસ્ક્રીમ ખાવાની મજા પડે.

૧. આવ્યા તમે નહીં કેમ ?

૨. દોસ્તી છે અને મારી પાક્કી તારી.

૩. પ્રાણીઓ ગાઢ અનેક જંગલમાં હતાં રહેતાં.

૪. જઈશું મેળો કાલે સૌ સાંજે જોવા આપણે.

૫. રમવા મિન્ટુ મિત્રો ચાલ સાથે જઈએ સંતાકૂકડી.

**પ્રશ્ન-૨ કૌંસમાં આપેલા જોડાક્ષર મૂકી શબ્દ બનાવો.** (૫)

**( ઠ્ઠી, ચ્છા, ષ્ણ, ક્તિ, સ્તો)**

**(૧) કૃ .........**

**(૨) શ ..........**

**(૩) ર..........**

**(૪) મુ ...........**

**(૫) ઈ ...........**

**પ્રશ્ન- ૩ નીચેની પંક્તિઓ વાંચી તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન;
પરોઢિયે મંદિર-મસ્જિદમાં ધરતાં લોકો તારું ધ્યાન.
તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહીં વસે છે તું;
ચાંદા સૂરજમાંયે તું છે, ફૂલો મહીં વસે છે તું.
હરતાં-ફરતાં કે નીંદરમાં, રાત-દિવસ ને સાંજ-સવાર;
તારો અમને સાથ સદાયે, તું છે સૌનો તારણહાર.

**પ્રશ્નોઃ**

(૧) અહીં 'ગાતાં મીઠાં તારાં ગાન' એટલે કોનાં ગાન? (૧)

(૨) વહેલી સવારે કોણ-કોણ જાગી જાય છે? (૧)

(૩) કવિને ભગવાન ક્યાં ક્યાં જોવા મળે છે? (૩)

**પ્રશ્ન- ૪. (અ) અને (ક) વિભાગને (બ) માં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ વડે જોડી વાક્યો બનાવીને લખો.** (૫)

| (અ) | (બ) | (ક) |
|---|---|---|
| (૧) રોજ મીઠાઇ તો ભાવે | એટલે | આપશે કોણ? |
| (૨) મને તરવું ખૂબ ગમે | પણ | મેં સ્વિમિંગ સૂટ લીધો. |
| (૩) સાઇકલ કાલે ચલાવીશું | પરંતુ | આજે હું બહાર જાઉં છું. |
| (૪) મેં મીનાને સાથે આવવા કહ્યું | તેથી | તે ન માની. |
| (૫) હું ખૂબ ચાલ્યો | કારણ કે | થાકી ગયો. |

**પ્રશ્ન- ૫ નીચે આપેલ વાર્તામાં પાંચ-સાત વાક્યો ઉમેરીને અધૂરી વાર્તા પૂરી કરો.** (૫)

એક જંગલમાં સસલું અને ખિસકોલી રહે. બંને વચ્ચે ખૂબ ઝઘડો થાય પરંતુ એકબીજા વિના ચાલે નહિ. એક દિવસ રમતાં રમતાં ખિસકોલીના પગમાં કાંટો વાગી ગયો............

**શિક્ષક માટેઃ**

| પ્રશ્ન નંબર | અ.નિ.ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | G413.5 | વાક્ય સંરચનામાં જુદાં જુદાં પાસાં ઓળખાવે અને તેનો ઉપયોગ કરે છે. |
| 2 | G401.5 | જોડાક્ષરોનું શ્રવણ, વાચન , લેખન સ્પષ્ટ રીતે કરે છે. |
| 3 | G404 | કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે. |
| 4 | G413.3 | સંયોજકોનો ઉપયોગ કરે છે. |
| 5 | G413.14 | આપેલ ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદની પછીની ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદની ધારણા કરે છે. |

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ ૪ ગુજરાતી સપ્ટેમ્બર, ૨૦૨૧

સમયઃ ૧ કલાક કુલ ગુણઃ ૨૫

**G૪૧૫ નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.**

**પ્રશ્ન- ૧.** આપેલ અક્ષરોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ બનાવો. **(૫)**

ઉદા. અ વ ન ભ – અનુભવ

(૧) ક ચ ર લ

(૨) ર ડ ક પ

(૩) હ ય ર શ

(૪) બ મ લ દ ર

(૫) ત મ ડ ર ળ

**G૪૧૨.૧ આપેલ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.**

**પ્રશ્ન- ૨.** આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો. **(૫)**

**ઉદાહરણઃ ગયો - મહેશ બજારમાં ગયો.**

૧. આવશે

૨. મજા કરી

૩. દોડ્યો

૪. વાંચવું

૫. ગમે

**G૪૦૯.૨ પ્રકીર્ણ લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.**

**પ્રશ્ન- ૩.** આપેલ લખાણ વાંચી પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

એક દિવસ સવારે દાદા કોમલને બગીચામાં ચાલવા લઇ ગયા. અરે , વાહ ! એક સુંદર મજાનો ફુવારો, ઠંડી હવા અને સ્વચ્છ હરિયાળું વાતાવરણ. મજા પડી ગઇ. **(૫)**

ઉદાહરણઃ કેટલા ? - બે

કોણ? ________________ કેવું? __________________ ક્યારે? ____________________

ક્યાં? _______________ કોને? __________________

**G૪૦૭ વર્ણનાત્મક લખાણ વાંચી અને સમજી શકે છે.**

**પ્રશ્ન- ૪.** નીચે આપેલ લખાણ વાંચી પ્રશ્નોના જવાબ આપો. **(૫)**

સમગ્ર ગુજરાતમાં ડાંગ પ્રદેશ સાવ જુદો છે. પ્રાકૃતિક રીતે એકદમ સમૃદ્ધ છે. અહીંનાં મુખ્ય વૃક્ષો સાગ અને વાંસ છે. વચ્ચે આંબાનાં ઘટાદાર વૃક્ષો આંખોને ઠારે છે. પક્ષીઓમાં કાગડા અને બગલા જોવા મળે.

૧. સમગ્ર ગુજરાતમાં ડાંગ પ્રદેશ સાવ જુદો કેમ છે?

૨. ઉદાહરણ મુજબ જવાબ આપો પ્રકૃતિ - પ્રાકૃતિક , સંસ્કૃતિ - ?

૩. ડાંગ કેવો પ્રદેશ છે?

(અ) રણ (બ) વન (ક) બર્ફિલો (ડ) સૂકો

૪. વાંસળી કયા વૃક્ષમાંથી બનતી હશે?

૫. 'આંખ ઠરવી' રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો.

**G૪૧૨ લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.**

**પ્રશ્ન- ૫.** તમને ગમતા કોઇ પણ એક સ્થળ વિશે પાંચ લીટી લખો. **(૫)**

# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણઃ ૪** **ગુજરાતી (ગુજરાતી માધ્યમ)** **જુલાઈ,૨૦૨૧**

**સમયઃ ૧ કલાક** **કુલ ગુણઃ ૨૫**

---

**અ.નિ.** નવા શબ્દો શોધે છે.

**પ્રશ્ન- ૧ આપેલા અક્ષરોનો ઉપયોગ કરી પાંચ શબ્દો બનાવો.** **(૫)**

ક, પ, લ, ર, વ, મ, સ, જ, ગ, ઢ

દા.ત. કપૂર , સાગર

અ.નિ. સંયોજકો ઓળખે અને ઉપયોગ કરે છે.

**પ્રશ્ન- ૨ કૌંસમાંથી યોગ્ય શબ્દ લઇ ખાલી જગ્યા પૂરો. (અને, કે, તેથી, પણ, છતાં )** **(૫)**

૧. રામ ______સીતા વનમાં ગયાં.

૨. મારે તો વહેલા ઊઠવું હોય છે,_________ઊઠાતું જ નથી.

૩. તાવ આવ્યો હતો ______અશક્તિ લાગે છે.

૪. આ વાર્તા બધાને ગમે ________ ના પણ ગમે.

૫. હું ઘરેથી વહેલો નીકળ્યો .................. મોડો પડ્યો.

અ.નિ. વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરી શકે છે.

**પ્રશ્ન- ૩ નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.** **(૫)**

એક દિવસ બગીચામાં એક નાનકડું પતંગિયું આવ્યું. એ હજુ હમણાં જ પોતાના કોશેટામાંથી બહાર આવ્યું હતું. એણે ત્યાં ઘણાં બધાં પતંગિયાંને રમતાં જોયાં. કોઇ એકબીજા સાથે રેસ લગાવતાં હતાં તો કોઇ ઘાસમાં ગુલાંટિયાં ખાતાં હતાં. આ પતંગિયાં સામે કોઈ જોતું ન હતું.

૧. કોશેટોમાંથી બહાર આવવું એટલે શામાંથી બહાર આવવું?
૨. ઘણાં બધાં પતંગિયાંને રમતાં જોઇ પતંગિયાંના મનમાં શો વિચાર આવ્યો હશે?
૩. પતંગિયાં સામે કેમ કોઈ જોતું નહીં હોય?
૪. 'રેસ લગાવવી' શબ્દ વાપરી નવું વાક્ય લખો.
૫. દિન- દિવસ બાગ- ..............................

અ.નિ. વર્ણનાત્મક લખાણના આધારે સર્જન કરે છે.

**પ્રશ્ન- ૪ તમને ગમતો શબ્દ ખાલી જગ્યામાં લખી અર્થ સમજાય તે રીતે વાક્ય પૂર્ણ કરો.** (૫)

૧. એક હતું .................................. .

૨. મને ..................................... ખૂબ ગમે છે.

૩. મારી નિશાળમાં ................................ છે.

૪. બગીચામાં ખૂબ ........................... હોય છે.

૫. મારી આસપાસ .................................... .

અ.નિ. લેખનની જુદી જુદી રૂઢી પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

**પ્રશ્ન- ૫ તમારે તમારા માટે એક નવું દફતર ખરીદવાનું છે. તે કેવું હશે ? તેના વિશે પાંચ વાક્યો લખો. (૫)**